૩

વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રની સ્વૈચ્છિક સંસ્થાઓમાં ધોરણ-૮ માટે શિક્ષકોની હંગામી જગ્યાઓની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅપગ/૧૦૨૦૧૪/૮૩૫૨૦૬/ન.બા.૩/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૫/૦૨/૨૦૧૯.

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૯.૦૫.૨૦૧૫નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૭.૦૫.૨૦૧૬નો ઠરાવ.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૫/૦૫/૨૦૧૭નો પત્ર નં. સસુખા/અપગ/મંજૂરી/૧૭-૧૮/૧૭૮.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૧૨/૧૨/૨૦૧૮નો પત્ર નં. સસુખા/અપગ/૨૦૧૮-૧૯/૫૭૧.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૨૧/૦૧/૨૦૧૯નો પત્ર નં. સસુખા/અપગ/૨૦૧૮-૧૯/૩૪.

આમુખ :-

વિકલાંગોના કલ્યાણક્ષેત્રની સ્વૈચ્છિક સંસ્થાઓમાં ધોરણ-૮ માટે ૧૮ શિક્ષકોની ભરતી કરવાની મંજુરી વંચાણે લીધેલા ક્રમાંક: (૧) પરના ઠરાવથી આપવામાં આવેલ છે તેમજ વંચાણે લીધેલા ક્રમાંક: (૨) પરના ઠરાવથી આ ૧૮ શિક્ષકોની હંગામી જગ્યાઓની મુદ્દત તા.૨૮.૦૨.૨૦૧૭ની સુધી વધારવામાં આવેલ છે.

આ જગ્યાઓની મુદ્દત વધારવા બાબતે વંચાણે લીધેલા ક્રમાંક: (૩) થી (૫) પરના પત્રોથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ દરખાસ્તો સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક: (૩) થી (૫) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તોના અનુસંધાને નીચેના કોષ્ટકમાં દર્શાવેલ ૧૬ જગ્યાઓની મુદ્દત પાશ્ચાતવર્તી અસરથી તા.૦૧.૦૩.૨૦૧૭ થી તા.૨૮.૦૨.૨૦૧૯ સુધી વધારવા તેમજ તે પૈકી ૧૨ જગ્યાઓની મુદ્દત તા.૦૧.૦૩.૨૦૧૯ થી તા.૨૯.૦૨.૨૦૨૦ સુધી વધારવા નીચેની શરતોને અધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

| અ.ન. | સંસ્થાનું નામ | ભરેલ છે જગ્યા | તારીખથી ખાલી |
|---|---|---|---|
| ૧ | બહેરા મુંગા શાળા આશ્રમ રોડઅમદાવાદ , | હાં | |
| ૨ | મહિલા જાગૃતિ અભિયાન સંચાલિત બહેરા મુંગા શાળા દહેગામગાંધીનગર .જી , | હાં | |
| ૩ | શ્રી જે.બી. ઉપાધ્યાય બહેરા-મૂંગા શાળા, સાબરકાંઠા. | નાં | ૮-૧૨-૨૦૧૬ |
| ૪ | વી .એચ. ગાંધી બહેરા મૂંગા મોડાસા. | હાં | |
| ૫ | હિંમતનગર નાગરિક સહકારી બેંક સંચાલિત બહેરા મુંગા શાળાહિંમતનગર , | હાં | |
| ૬ | કમળાબેન બધિર વિધાલય કારેલીબાગ વડોદરા | હાં | |
| ૭ | મુબધિર વિકાસ ટ્રસ્ટ સંચાલિત બહેરા મુંગા શાળાસુરત ,કમિશ્નરશ્રીના બંગલા પાસે , | હાં | |
| ૮ | બ.ઇ. નાયક બહેરા-મૂંગા શાળા ગાંધીધાર કછોલી અમલસાડ, નવસારી. | હાં | |
| ૯ | ગ.કી. નાયક બધિર કન્યા શાળા અમલસાડ, નવસારી. | હાં | |
| ૧૦ | શ્રી ખીલ બહેરા મુંગા શાળા ,વિધાનગર ,૫૧ , ભાવનગર | હાં | |
| ૧૧ | શ્રી એસ.જી. બ્રહમભટ્ટ બધિર વિદ્યાલય તલાવડી પાસે નડીયાદ. | હાં | |
| ૧૨ | શ્રી પ્ર.સ. કોઠારી બહેરા-મૂંગા શાળા વિજલપોર, જલાલપોર, નવસારી. | હાં | |
| ૧૩ | અંધશાળા આશ્રમ રોડઅમદાવાદ , | હાં | |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | અંધ અપંગ કલ્યાણ કેન્દ્ર,ઘાટલોડિયા, અમદાવાદ | નાં | ૮-૧૨-૨૦૧૬ |
| ૧૫ | શ્રીમતી એમ કે. મહેતા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાલય પાલનપુર. | ના | ૮-૧૨-૨૦૧૬ |
| ૧૬ | પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ સંચાલિત અંધ મહિલા કેળવણી કેન્દ્રમૂળી ,લોક વિધાલયની બાજુમાં , સુરેન્દ્રનગર ,રોડ | નાં | ૮-૧૨-૨૦૧૬ |

શરતો:-

- વિકલાંગ કલ્યાણ ક્ષેત્રની સ્વૈચ્છિક સંસ્થાઓમાં ૧૮ મદદનીશ શિક્ષકોની હંગામી જગ્યાઓ પૈકીની ૨(બે) જગ્યાઓ મંજૂરી મળ્યા તારીખ(તા.૧૯.૦૫.૨૦૧૫)થી ખાલી છે તેથી સદરહું બે જગ્યાઓ રદ કરવાની રહેશે.
- ઉપરોક્ત કોષ્ઠકમાં દર્શાવ્યા મુજબની ક્રમ નં.૩,૧૪,૧૫ અને ૧૬ની કુલ ૪(ચાર) જગ્યાઓ તા.૦૮.૧૨.૨૦૧૬થી ખાલી હોઈ ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો,૨૦૦૨ના નિયમ ૪૯(૨)(૩) મુજબ બાર માસ કરતાં વધારે સમયથી ખાલી હોઈ એબેયન્સમાં મુકવામાં આવે છે. આ જગ્યાઓ નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય પુનઃજીવિત થઈ શકશે નહીં કે ભરી શકાશે નહીં.
- બોલીઓ અને શરતો વિભાગના તા.૧૯.૦૫.૨૦૧૫ના સરખા ક્રમાંકના ઠરાવમાં જણાવ્યા પ્રમાણેથી યથાવત રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.)ની તા.૦૬.૦૨.૨૦૧૯ની નોંધ તેમજ અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૧૨.૦૨.૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

patelDC

( ડી. સી. પટેલ )

ઉપ સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ.